मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૧૦-૧૧
૨૫ જુલાઈ

શ્રાવણ–ભાદ્રપદ

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઈ. સ. ૧૯૬૬

(૧૦૬) सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं, भारुंडपक्खी व चरऽप्पमत्ते ॥ ६ ॥

૧૦૬. જે મનુષ્ય આશુપ્રજ્ઞ–પંડિત–વિવેકી છે તેને અપંડિત–અવિવેકી એટલે મોહ નિદ્રામાં સુતા રહેતા મનુષ્યો વચ્ચે પણ રહેવાનો પ્રસંગ આવે છે, તે વખતે પંડિત પુરુષે બરાબર સાવધાન રહેવું જોઈએ–તે અવિવેકીઓનો જરા પણ વિશ્વાસ ન કરવો જોઈએ. 'કાળ ભયંકર છે અને શરીર દુર્બળ છે' એમ સમજીને તેવે પ્રસંગે પંડિત પુરુષે ભારુંડપક્ષીની પેઠે બરાબર સાવધાન રહીને વર્તવું જોઈએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका


૧ શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો-લેખાંક : ૧૭ (સ્વ. મૌક્તિક) ૮૫

૨ જપ માટેના મંત્રો (દીપચંદ જીવણલાલ શાહ) ૮૮

૩ 'ક્ષમાશ્રમણ' ધર્મદાસગણિ કૃત ઉવએસમાલા (ઉપદેશમાલા) : રેખાદર્શન (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) ૯૨

૪ શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજનું જીવન અને સર્જન (મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી) ૯૩

૫ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગરનો સંવત ૨૦૧૯ તથા ૨૦૨૦ની સાલનો રિપોર્ટ .... ૯૮


## પંચાશીમી વર્ષગાંઠ

આપણી સભાની પંચાશીમી વર્ષગાંઠ શ્રાવણ શુદિ ૩ (૪) ને શુક્રવારના રોજ સભાના મકાનમાં ઉજવવામાં આવી હતી. સવારે ૯-૩૦ કલાકે બારવ્રતની પૂજા રાગરાગણી સહિત ભણાવવામાં આવી હતી. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓ સારી સંખ્યામાં પધાર્યા હતા.

જપ માટેના મંત્રો (અનુસંધાન પેજ ૯૧ થી શરૂ)

૧૦૮ ગુણનો ખ્યાલ રહે તે માટે નવકારવાળીના ૧૦૮ મણકા છે.

પંચપરમેષ્ઠિના ગુણો અનંતા છે, તે બાબત નીચેના શ્લોકો પરથી સમજાશે.

(१) वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्,
कस्तेक्षमः सुरगुरु प्रतिमोऽपि बुद्धया ।
कल्पान्तकालपवनोद्धत नक्रचक्रं,
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥

(२) मोहक्षयादनुभवन्नपि नाथ ! मर्त्यो,
नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।
कल्पान्तवान्त पयसः प्रकटोऽपियस्मान्,
मीयेतकेन जलधेर्ननु रत्नराशिः ? ॥

રોજ એકાદ કલાક નવકાર મંત્રનો જાપ અર્થ સહિત કરવામાં આવે તો અધ્યાત્મિક પ્રગતિમાં આગળ વધી શકાય છે. કારણ કે પંચપરમેષ્ઠિના જાપથી પાંચ પરમેષ્ઠિની સાચી ઓળખાણ થાય છે અને તેમના વિશિષ્ટ ગુણોનું જ્ઞાન થાય છે અને સર્વ દુઃખોના કારણરૂપ દર્શન મોહનીય કર્મોનો નાશ થાય છે. સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૧૦-૧૧ | શ્રાવણ–ભાદરવો | વીર સં. ૨૪૯૨
વિક્રમ સં. ૨૦૨૨

## શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૧૮

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

### પ્રકરણ ૧૬ મું

**પ્રભુનો ગૃહસ્થાશ્રમ**

માબાપના વિચારોને માન આપવા અને તેઓનો તે સંબંધમાં ખૂબ આગ્રહ હતો તેને તાબે થઇ વર્ધમાન પરણ્યા તો ખરા, પણ તેમનું મન ઇંદ્રિયના વિષય સેવન તરફ નહોતું, તેઓ સંસારમાં રહેવા પૂરતું અને માતપિતાને રાજી રાખવા જોગ સંસાર–વ્યવહાર સર્વ કરતા હતા, પણ તેઓનું મન તો સંસારથી ઉપરાંઠું હતું. આ વસ્તુને, આ ધારણાને પરિણામે તેઓએ પાંચે ઇંદ્રિયના ભોગો તો ભોગવ્યા, પણ તેમાં જે આસક્તિ હોવી જોઇએ, જે વૃત્તિ તેમની હોવી જોઇએ, એ કદી થઈ નહિ અને તેઓનો ગૃહસ્થાશ્રમ તદ્દન આસક્તિ વગરનો અને ઉપરછલ્લો જ રહ્યો કર્મબંધન આસક્તિ ઉપર થાય છે અને આસક્તિ વગર જે કામ કરવામાં આવે તેથી પણ કર્મબંધ તો થાય, પણ તે તો ઘણો જ સૂક્ષ્મ હોઇ જેમ આપણે કપડાને સૂકવીને ઝટકાવીએ છીએ ત્યારે તેમાંથી પાણી નીતરી જઇ ખરી પડે છે, તેમ કર્મો પણ નિકાચીત ન હોઇ પ્રદેશોદયથી ખરી પડે છે. આ પ્રદેશોદય બંધ અને નિકાચીત બંધ પણ સમજવા યોગ્ય છે નિકાચીત બંધથી બાંધેલા કર્મો તો જરૂર ભોગવવાં પડે છે, પણ પ્રદેશોદયથી બાંધેલાં કર્મો તો ખરી પડે છે.

ભગવાન મહાવીરે તો કોઈ પ્રકારનાં 'નિકાચીત કર્મો સંસારમાં રહેવા છતાં બાંધ્યા જ નહિ, કારણ કે સ્થિતિ બંધમાં કર્મની સ્થિતિ મુકરર થાય છે, અને પ્રદેશબંધમાં કર્મ કયા પ્રકારનું છે અને શું ફળ આપનાર છે તે મુકરર થાય છે. મહાવીરસ્વામીએ તો કર્મ આ ભવમાં તો આકરાં બાંધ્યાં નહિ કારણ કે કોઇ પણ કાર્ય કરવામાં તેઓની આસક્તિ તો હતી જ નહિ. તેઓ જો કોઇ કાર્ય કરે તો તેમાં ગૂંચવાઇ જતા નહિ અને કાર્ય ધાર્યા પ્રમાણે પાર ન પડે તો દીલગીર થતા નહિ. આ આસક્તિ એ જ ઇંદ્રિયના અર્થોને અંગે કર્મબંધન કરાવે છે. દાખલા તરીકે ભોજન કરતી વખતે પેટને ભાડા આપવા પૂરતું જમવું એ આસક્તિ વગર કરેલું જમણ ગણાય, પણ આજનું જમણ તો સારૂ થયેલું છે, ભજિયાં અને બીજાં ફરસાણ સરસ તૈયાર થયાં છે એમ બોલી બોલીને દૂધપાકનો ઘૂંટડો પીતા જવો એ રસોઈની આસક્તિ છે. વર્ધમાનસ્વામીએ તો પાંચે ઇંદ્રિયો પર એટલો જબરો કાબૂ રાખ્યો હતો, કે તેઓ તો માત્ર સાક્ષીભાવે અને માતપિતાને સારૂં લગાડવા ખાતર જ ગૃહસ્થ જીવન ન છૂટકે જીવી રહ્યા હતા, પણ નાની વયથી તેઓ ઇંદ્રિય ભોગોની વિરસતા સમજી ગયા હતા, એ સર્વ વિષયો પૌદ્ગલિક છે અને ક્ષણજીવી છે અને તેમનું વલણ તો આખા સંસાર અને તેના વિષયોને ત્યાગ કરવા તરફ હતું, પણ માતપિતા જીવતા હશે ત્યાં સુધી તેમના ઉપકાર નીચે દબાઈ તેમણે ગર્ભકાળમાં પ્રતિજ્ઞા કરી હતી તેને પાળવાની પોતાની ફરજને સમજનાર હતા.

આ પ્રાણી ધર્મનું વ્યાખ્યાન સાંભળે, અથવા કોઇની ઝડપમાં આવી જાય અથવા કોઈ સગાં–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહીનું મરણ થાય ત્યારે સદ્‌બુદ્ધિ થતાં તે વખતે આવેશમાં આવી પ્રતિજ્ઞા ( પચ્ચક્ખાણ ) કરે છે કે અમુક કાર્ય પોતે આજીવન નહિ કરે અથવા કરશે, પણ પછી તે વાતને વિસરી જાય છે અને તાત્કાલિક થતાં ઇંદ્રિયતૃપ્તિને કારણે તે પચ્ચક્ખાણ ભૂલી જાય છે અને તે કાર્ય કરી બેસે છે. આવી રીતે પચ્ચક્ખાણનો ભંગ કરવો એ એને મન રમતની વાત લાગે છે અને પાંચે ઇંદ્રિયના ભોગોને વશ થઈ જાય છે આવા પ્રકારની કોઇ વૃત્તિ મહાવીરસ્વામીમાં નહોતી. તેઓ તો પોતાની વૃત્તિઓને કાબૂમાં રાખનાર હતા અને કરેલા નિયમોને તાબે થવાનો પોતાનો ધર્મ સમજનાર હતા. તેથી તેઓ વગર આસક્તિએ ગૃહસ્થાશ્રમમાં રહી શક્યા અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાના કામમાં રસ લઇ રહ્યા. આ તેમનું જીવન વ્રત-નિયમ ( પચ્ચક્ખાણ ) કરનારે ખાસ અનુકરણ જેવું છે. નિયમ લેતી વખત હજાર જાતનો વિચાર કરવો, પોતાની દઢતા રહેશે કે નહિ તે વિચારવું અને પોતાના ખાસ સંયોગો વિચારવા. પણ આવી નમ્રતા સાથે કરેલા નિયમને તો પછી દઢપણે વળગી રહેવું એ જ યુક્ત અને જરૂરી છે. વ્રત-નિયમનો સ્વીકાર એકવાર કર્યા પછી તેને અનુસરવાની પોતાની ફરજ છે અને આ સંબંધમાં મહાવીરનું જીવન અનુકરણીય છે નિયમો બે પ્રકારના હોય છે: એક પ્રકારમાં અમુક ચીજ ન વાપરવાનો નકારાત્મક નિશ્ચય કરવાનો હોય છે, એટલે એમાં અમુક કાર્ય ન કરવું, કે અમુક વસ્તુનો ભોગ ઉપભોગ ન કરવાની વાત હોય છે, અને બીજા પ્રકારમાં અમુક કાર્ય કરવાની હકારાત્મક વાત હોય છે આ બંને પ્રકારમાંથી કોઇ પણ પ્રકારનો નિયમ કરતી વખતે હજારો પ્રકારના વિચારો કરવા, પણ કોઈપણ પ્રકારનો નિયમ કર્યા પછી તે વાત હકારાત્મક હોય કે નકારાત્મક હોય તે નિયમને ગમે તે ભોગે વળગી રહેવું. આ પચ્ચક્ખાણશુદ્ધિ કહેવાય છે અને તે નિયમ ( નિર્ણય-પચ્ચક્ખાણ ) જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે.

મહાવીરસ્વામીના માતપિતા પાર્શ્વનાથના શ્રાવક હતા. તેઓ વ્રત-પચ્ચક્ખાણની મહત્તા સારી રીતે સમજતા હતા અને તેમણે મહાવીરસ્વામીને સમજાવ્યું હતું કે શિયાળ તરીકે લીધેલ વ્રતને સિંહ તરીકે પાળવું અને મહાવીરે આ ધોરણ પ્રથમથી સ્વીકાર્યું હતું. તેઓ સર્વ નિયમને વળગી રહેવાની અને તે માટેની ચીવટ રાખવાની બાબતમાં ઘણા ચોક્કસ હતા અને નિયમની મહત્તા સમજનાર હતા. તેમણે ત્યાર પછી સમજી-વિચારીને અમુક સંખ્યામાં જ લીલોતરી ખાવી કે અમુક લીલોતરી તો નજ ખાવી એવા એવા મન પર અંકુશ આણનારા અનેક નિયમો કર્યા અને તે સર્વ નિયમોનો તેઓએ સંવ્યવહાર જરા પણ ગોટા વાળ્યા સિવાય કર્યો. આ તેમની ગૃહસ્થ જીવનની મજા છે.

તેઓના ગૃહસ્થ જીવનમાં તેઓએ ઉત્તમ પ્રકારનું પ્રમાણિકપણું જાળવ્યું. પોતાનો સંવ્યવહાર સુંદર અને કોઈ જાતના આક્ષેપ વગરનો અનિંદનીક રાખ્યો અને પોતાના સંબંધમાં આવનાર અનેક માણસોને રાજી અને સંતુષ્ટ રાખવાની વૃત્તિ રાખી.

ખૂબીની વાત એ છે કે તેઓ રાજકારણમાં પડ્યા હતા, અનેક ગરીબ અને સામાન્ય માણસના સંબંધમાં આવતા હતા, પણ તેઓએ પોતાનો સર્વને રાજી રાખવાનો ધર્મ બરાબર પાળ્યો અને સર્વને રાજી કર્યા. રાજકારણ એવું છે કે એમાં સર્વને રાજી રાખવાનું કામ ઘણું મુશ્કેલ છે. રાજાનું હિત કરવા જાય તો હાથ નીચેના માણસોનું અહિત થઈ જાય છે અને હાથ નીચેના માણસો કે પ્રજાનું હિત કરવા જાય તો રાજ્યની આવક ઘટી જઇ ગૂંચવણ ઊભી કરે છે. પણ એવા પ્રસંગોમાં પણ વર્ધમાનકુમાર તો એવો વચલો માર્ગ કાઢતા હતા કે રાજા અને પ્રજાનું કે હાથ નીચેના માણસનું એકસરખું હિત જળવાઈ રહે અને આ કારણથી તેની કીર્તિમાં ઘણો વધારો થયો હતો.

તેઓએ યશોદાને પણ પોતાને અનુરૂપ બનાવી. જ્યારે પત્ની પ્રતિકૂળ હોય છે ત્યારે પોતાની ફરજ બજાવવામાં અનુરોધ કે અડચણ થાય છે અને જાણે પોતાનું એક અંગ વિકળ હોય તેવું માણસને લાગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પણ તેના તરફથી પ્રેરણા અને ઉત્સાહ મળ્યા કરતા હોય ત્યારે પોતાનાં કાર્યમાં માણસને એક પ્રકારનો વેગ અને જુસ્સો આવે છે. એ અસર માનસિક હોય એ કેટલો લાભ કરે છે તે જણાતું નથી, પણ એની અસર સારી રીતે થાય છે. યશોદા તો મહાવીર સાથે એવી સુંદર રીતે જોડાઈ ગઇ હતી કે એ બન્ને જાણે એક જ હોય તેમ જણાતું હતું. મહાવીરસ્વામી જે કામ કરતાં તે વધારે વધારે કરવાની યશોદા પ્રેરણા કરતી અને કાર્ય કરવાની અંગે કે પગલું ભરવાને અંગે કદી મહાવીરકુમારને નાસીપાસ કે નાહિંમત કરતી નહિ. પોતાની પત્ની જ્યારે ટંકુ પાણી રેડે ત્યારે માણસ કામ કરે, પણ તે કામમાં તેનો રસ હોતો નથી અને વારંવાર તેને વિચાર થઇ આવે છે કે આ કાર્ય કોને માટે અને શા માટે કરવું, પણ જ્યારે તે કાર્યમાં પ્રેરણા પત્ની તરફથી થાય છે ત્યારે તેનો ઉત્સાહ સોગણો વધારે થઈ જાય છે. મહાવીરને આ બીજા પ્રકારની સ્થિતિ હતી, તેને તપ ત્યાગ અને નવાં નવાં કામો કરવાની અંતર પ્રેરણા થયા કરતી હતી અને તેમાં યશોદા તરફની પ્રેરણા મળ્યા કરતી હતી એટલે ગૃહસ્થના એ ખાસ નમુના થઈ પડ્યા અને પ્રમાણિકપણા કે ન્યાયનીતિમાં તો તેઓ આદર્શ નીવડ્યા. ખાસ કરીને પિતા સિદ્ધાર્થ અને મોટાભાઈ નંદીવર્ધનની પ્રેરણા અને પોતાની પત્ની તરફથી મળતો ઉત્સાહ એને ભારે અસરકારક નીવડ્યો અને પોતે રાજપુત્ર હોવા છતાં ગૃહસ્થ તરીકે આદર્શ નીકળી આવ્યા અને તેઓનું વર્તન તેમના સમયના માણસોને ખૂબ અનુકરણીય નીવડ્યું. તેમનો દાખલો જોઈ વિચારી અનેક નગરવાસીઓ સારે રસ્તે ચડી ગયા, કારણ કે ઘણાને માટે તો તેમણે લીધેલો માર્ગ એ જ આદર્શ માર્ગ જણાયો અને તેમના દાખલાને અનુસરવું તે પોતાની ફરજ માણસ માનતા હતા તેમના પિતા પાર્શ્વનાથના શ્રાવક હતા તેમને અનુસરીને એ પણ આદર્શ શ્રાવક થયા. તેમણે લીધેલ બાર વ્રત અનુકરણીય હોવાથી અહીં બાર વ્રતનો-શ્રાવકનો આદર્શ કેવો હોય તે સંક્ષેપમાં વર્ણવી જઇએ. આવા બાર વ્રત મહાવીરસ્વામીએ વીસ વર્ષની વયમાં લીધાં હતાં તે ધ્યાનમાં રાખવું અને વ્રત નિયમને અંગે એવી નાની વય પણ અનુકૂળ છે એમ સમજવું. વળી સાધુઓ મહાવ્રત લે છે ત્યારે શ્રાવકો અનુવ્રત લે છે, એટલે શ્રાવકનાં વ્રત પ્રમાણમાં નાનાં હોય છે એ તફાવત ધ્યાનમાં રાખવો. શ્રાવકનાં પાંચ અનુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત નીચે પ્રમાણે છે.

પ્રથમ અનુવ્રતમાં શ્રાવક દ્રવ્યહિંસાનો ત્યાગ કરે, તે નિયમ કરે કે પોતે સંકલ્પીને કોઈ નિરપરાધી જીવને પ્રાણથી જુદો પાડશે નહિ. શ્રાવકની દયા સવા વસાની હોય છે, જ્યારે સાધુની વીશ વસાની દયા હોય છે. એ એવા પાંચ ઇંદ્રિયના જીવને ઇરાદાપૂર્વક સંકલ્પીને મારે નહિ, હણે નહિ, પણ એ આરંભ સમારંભના [illegible] હોવાથી એકેંદ્રિય જીવનો તેને હિંસાને અંગે સર્વથા ત્યાગ ન હોય. આથી વીશ વસાને બદલે તેની દશ વસા દયા થઈ ગઈ, જો કે એકેંદ્રિય જીવોના સંબંધમાં એ જયણા પ્રમાર્જના તો જરૂર કરે. પણ એનાથી એકેંદ્રિય જીવની હિંસાનો ત્યાગ તેના આરંભસમારંભને અંગે શક્ય નથી. બાકીના જીવોને અંગે પણ સંકલ્પીને ઇરાદાપૂર્વક હિંસા ન કરે, પણ એ ધંધાને અંગે અથવા ગૃહસ્થાઇને અંગે કોઈ જીવ ઇરાદા વગર મરી જાય તો તે માટે જવાબદાર નથી થતો, તેથી દશમાંથી પણ તેની દયા પાંચ વસા થઇ ગઇ. આ બાકી રહેલા જીવોને અંગે પણ એ નિરપરાધી જીવને ન મારે, સાપરાધ [illegible] માં એની જયણા રહે. દાખલા તરીકે [illegible] એને સામા પક્ષને હરાવવો હોય કે [illegible] તેને અનેક પ્રાણીને અપરાધી ગણી ફાંસીએ ચઢાવવા પડે અથવા ન્યાયાધીશ તરીકે એને ફાંસીની સજા કરવી પડે તો તેનું શ્રાવકપણાને વાંધો આવતો નથી. આથી તેની દયા પાંચ વસામાંથી પણ અઢી વસા થઇ ગઈ. હવે છેવટે આરંભ સમારંભ હુકમો વગેરે આપે છે તેનો એ રાજા કે ન્યાયાધીશ હોવાથી ત્યાગ કરી શકતો નથી, જો કે તેમાં જયણા-વિચારણાને સ્થાન છે, પણ આથી તેની દયા અઢીમાંથી સવા વસા રહે છે (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ માટેના મંત્રો

( ૩ )

—દીપચંદ જીવણલાલ શાહ

**નવકાર મહામંત્ર**

જીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરવા દરેક મનુષ્ય યત્ન કરી રહ્યો હોય છે, પણ તે મનુષ્ય અલ્પ પ્રમાણમાં તેમને મેળવી શકે છે. વર્તમાન જીવન ઘણું કરીને દુઃખમય છે. દુઃખને નાબુદ કરવા માટે દુઃખના કારણોને નાબુદ કરવા પડે છે. દુઃખનું કારણ પાપ છે અને સુખનું કારણ ધર્મ છે. ધર્મને આરાધન કરવાથી મનુષ્ય સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકે છે. દુઃખના કારણો પાપ, અજ્ઞાન અને મિથ્યાત્વ છે અને તેમને દૂર કરવાની જરૂર જણાતી હોય અને સુખ–શાંતિ જોઈતાં હોય તો ધર્મના સાધનો દેવદર્શન, પૂજા, સામાયિક પ્રતિક્રમણ આદિ કરવાની જરૂર છે.

પરંતુ આજના યુગમાં મનુષ્ય પર જવાબદારી અને કાર્યનો બોજો વધતો જાય છે તેથી તેઓ ધર્મ કરવા માગતા હોય તો પણ ધર્મ કરી શકતા નથી તેથી આ વર્ગ ધર્મની આરાધના કરી શકે તે માટે શાસ્ત્રકારોએ અમુક ઉપાયો બતાવ્યા છે તેમાં "નમો અરિહંતાણું" ના જપ વડે પાંચે પરમેષ્ઠિની માનસિક ભક્તિરૂપ ધર્મ ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેવા સંજોગોમાં મનુષ્યો કરી શકે છે.

નવકારના જાપ વડે મનુષ્ય હ્રદયમાં દેવ-ગુરુની માનસિક ભક્તિ કરી શકે છે. ભક્તિના પ્રભાવથી વિવેકબુદ્ધિ જાગૃત થાય છે અને જેમ જેમ વિવેકબુદ્ધિ જાગૃત થાય છે તેમ તેમ મનુષ્યનું આચરણ શુદ્ધ અને પવિત્ર થતું જાય છે. પંચપરમેષ્ઠિના જપથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન દૂર થાય છે અને ધર્મધ્યાન સ્થિર થાય છે. નવકાર મહામંત્રના સતત જપથી મનની એકાગ્રતા કેળવાય છે અને હ્રદય (અંતઃકરણ) શુદ્ધ અને પવિત્ર થાય છે: માટે દરરોજ નવકારમંત્રનો અમુક સંખ્યામાં જાપ કરવાની જરૂર છે. જાપની સંખ્યા પર ધ્યાન રાખવાથી ગમે તેમ એટલે કે મન બીજે ભટકતું હોય છે ત્યારે મનુષ્યો જાપ કરે છે તેથી જપથી જેવો લાભ થવો જોઇએ તેવો લાભ થતો નથી. માટે નાડીના ધબકારા સાથે અથવા શ્વાસોશ્વાસની ક્રિયા સાથે જાપ કરવાની જરૂર છે. જાપની સંખ્યા કરતાં તેના ગુણ (Quality) પર ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. એટલે કે ત્રણ નવકાર ગણતાં ઓછામાં ઓછી વીશ સેકંડનો સમય પસાર કરવો જ જોઇએ અને જેમ જેમ આ પ્રમાણે જાપ કરવાની ટેવ પડી જાય ત્યાર પછી જાપ કરતાં વધારે અને વધારે સમય લેવાની જરૂર છે.

શરૂઆતમાં જપની ટેવ (સંસ્કાર) મનુષ્યે પાડવાની છે. પરંતુ દૃઢ થયા પછી તે ટેવ મનને વિના પ્રયત્ને નમસ્કાર ભાવમાં જોડી રાખે છે.

જૈનધર્મના શાસ્ત્રોમાં પ્રથમ સ્થાન નવકાર મહામંત્ર ધરાવે છે કારણ કે (૧) એ ચૌદ પૂર્વનો સાર છે. (૨) એના ધ્યાનમાં શ્રુતગામી મહર્ષિઓ જીવનનો અંતિમકાળ પસાર કરે છે. (૩) એનાથી લૌકિક અને લોકોત્તર સમૃદ્ધિ મળે છે. (૪) એ પાપી જીવનમાંથી જીવનો ઉદ્ધાર કરનાર અને કર્મોને ટાળનાર છે.

જૈનધર્મમાં તીર્થંકરો ભક્તોના આધ્યાત્મિક વિકાસમાં સાક્ષાત્ કંઈ ભાગ ભજવતા નથી તેમ છતાં આ પંચપરમેષ્ઠીઓનું જેઓ પૂજન, સ્તવન, જપ, ધ્યાન આદિ કરે છે તેમની આધ્યાત્મિક પ્રગતિ થાય છે. જેવી રીતે અગ્નિ પાસે જનાર મનુષ્યની ટાઢ દૂર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. વૃક્ષની છાયામાં જનાર મનુષ્યની ગરમી દૂર થાય છે તેવી રીતે પંચપરમેષ્ઠીઓનું જપ અને ધ્યાનાદિ કરવાથી રાગાદિ દોષ દૂર થાય છે અને જ્ઞાનાદિગુણો ઉત્પન્ન થાય છે.

માનવ જીવનમાં નમસ્કારને ઘણું ઉચ્ચ સ્થાન છે. મનુષ્યના હૃદયની કોમળતા, સરળતા અને ગુણગ્રાહકપણું ત્યારે જણાય છે કે જ્યારે તે પોતાથી શ્રેષ્ઠ અને પવિત્ર આત્માઓને ભક્તિભાવથી નમસ્કાર કરે છે.

પોતાથી અધિક સદ્‌ગુણી અને તેજસ્વી આત્માઓને જોઇને તેમના પ્રતિ માન પ્રદર્શિત કરવું તેને પ્રમોદભાવના કહે છે. પ્રમોદભાવનાને લીધે ગુણોની પ્રાપ્તિ થાય છે. ઇર્ષ્યા, દ્વેષ વગેરે દુર્ગુણોનો નાશ પામે છે અને ઉપાસકનું હૃદય ઉદાર બને છે.

જેવી રીતે આકાશમાં સૂર્યનો ઉદય થાય છે ત્યારે કમળ સ્વયં ખીલે છે. કમળના વિકાસમાં સૂર્ય નિમિત્તકારણ છે તે પ્રમાણે અર્હંત આદિ મહાન આત્માઓનું નામસ્મરણ સંસારી આત્માઓના ઉત્થાનનું નિમિત્તકારણ બને છે. સત્પુરૂષોનુ નામ લેવાથી વિચારો પવિત્ર બને છે.

દરેક મનુષ્યે એવી ભાવના ભાવવી જોઇએ કે હું શુદ્ધ આત્મા છું, કર્મમળથી અલિપ્ત છું. જે કર્મમળ છે તે મારી અજ્ઞાનતાનું કારણ છે. હું અજ્ઞાનને દૂર કરૂ અને મોહને હઠાવીને આગળ વધું તો હું ક્રમશઃ સાધુ છું, ઉપાધ્યાય છું, આચાર્ય છું, અરિહંત છું અને સિદ્ધ છું.

નવકારમંત્રના પાંચે પદોમાં નમો શબ્દ છે. તેનો ભાવ એ છે કે મહાપુરૂષોને નમસ્કાર કરવા તે તેની પૂજા છે. નમસ્કાર કરવાથી પવિત્ર આત્મા પ્રત્યે મનુષ્ય પોતાની શ્રદ્ધા, ભક્તિ અને પૂજ્યભાવ પ્રકટ કરે છે.

મંગળ બે પ્રકારના છે: દ્રવ્યમંગળ અને ભાવમંગળ. દ્રવ્યમંગળને લૌકિક મંગળ કહે છે અને ભાવમંગળને લોકોત્તર મંગળ કહે છે. મુસાફરી કરવા જતી વખતે દહીં આપણે ચાખીએ છીએ અને ગાય વગેરેના શુકન જોઇએ છીએ તેને દ્રવ્યમંગળ કહે છે. સાધારણ મનુષ્યો આ મંગળના વ્યામોહમાં ફસાએલા છે. પણ સાધકે દ્રવ્યમંગળ ત્યજીને ભાવમંગળ સ્વીકારવું જોઇએ. નવકારમંત્ર ભાવમંગળ છે. તે સાધકને સર્વ પ્રકારના સંકટોમાંથી બચાવે છે. માટે પ્રત્યેક શુભ કાર્ય કરતાં પહેલાં નવકારમંત્રનું સ્મરણ કરવું જોઇએ.

નવકારમંત્ર નવ પદોનો છે, કારણ કે નવનો અંક અક્ષયસિદ્ધિનો સૂચક છે. નવનો આંક સમજવાથી આ બાબત સ્પષ્ટ સમજાય છે.

૯×૧=૦૯ ૦૯
૯×૨=૧૮ ૧+૮=૯
૯×૩=૨૭ ૨+૭=૯
તેવી રીતે—
૯×૧૦=૯૦ ૯+૦=૯

આ આંકમાં જ્યાં બબ્બે આંકડા છે તેમાં પહેલો આંકડો શુદ્ધિનો પ્રતીક છે અને બીજો આંકડો અશુદ્ધિનો પ્રતીક છે. સંસારના જીવો ૧૮ અંકની દશામાં હોય છે. તેમાં વિશુદ્ધિની માત્રા ૧ એટલે અલ્પ અંશે હોય છે અને ક્રોધ, માન, માયા, લોભ વગેરેની અશુદ્ધિનો અંશ ૮ એટલે અધિક અંશ હોય છે. અહીંથી સાધકનું જીવન શરૂ થાય છે. સમ્યક્ત્વ આદિની સાધના બાદ આત્માને ૨૭ના અંકનું સ્વરૂપ મળે છે એટલે શુદ્ધિની માત્રામાં એક અંશ વધે છે અને અશુદ્ધિની માત્રામાં એક અંશ ઘટે છે. આગળ જેમ જેમ સાધના વધારે થતી જાય છે તેમ તેમ શુદ્ધિનો અંશ વધતો જાય છે અને અશુદ્ધિના અંકમાં ઘટાડો થતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. અંતમાં જ્યારે સાધના પૂર્ણરૂપે પહોંચે છે ત્યારે અશુદ્ધિની માત્રા શૂન્ય થાય છે, અને સાધકનો આત્મા સંપૂર્ણ શુદ્ધ (સિદ્ધ) બને છે.

"ઉવસગ્ગહર" સ્તોત્રની દરેક ગાથાના પહેલા પદના શબ્દ અને અર્થ ભેગાં કરતાં પંચપરમેષ્ઠિને નમસ્કાર થાય છે. (૧) ઉવ–ઉપાધ્યાય (૨) વિસ–સાધુ (૩) ચિટ્ઠ–આચાર્ય (૪) તુહ–અરિહંત (૫) ઈઅ–સિદ્ધ થાય છે. અહીં પંચપરમેષ્ઠિનો ક્રમ આ રીતે કર્યો છે. તેનો હેતુ એ છે કે સૂત્ર ઉપાધ્યાય પાસે ભણાય તેથી તેમને પહેલો નમસ્કાર, ઉપાધ્યાય પાસે સાધુઓ અભ્યાસ કરે તેથી તેમને બીજો નમસ્કાર, ભણેલ સૂત્રનો અર્થ આચાર્ય કરે તેથી તેમને ત્રીજો નમસ્કાર, આચાર્યના ઉપદેશથી અરિહંતપણાનું જ્ઞાન થાય તેથી તેમને ચોથો નમસ્કાર, અરિહંત સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધ થાય છે તેથી સિદ્ધને પાંચમો નમસ્કાર કરાય છે.

નવકારના નવપદોવાળા મંત્રને મહામંત્ર કહે છે. નવકારના પહેલા બે પદોમાં અરિહંત અને સિદ્ધ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. પછીના ત્રણ પદોમાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિના ઉપાયરૂપ સંવર અને નિર્જરા છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સંવર અને નિર્જરા મારફત શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિને માટે પ્રયત્નશીલ હોય છે. પછીના બે પદોમાં આત્મા સંવર અને નિર્જરા મારફત સર્વ પાપોનો નાશ કરે છે એમ જણાવેલ છે અને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે તેથી બાકીના બે પદોમાં એ સૌથી ઉત્કૃષ્ટ મંગળ છે એમ જણાવેલ છે.

અક્ષરો કે તેના પદો જડ હોવા છતાં જ્ઞાનના અદ્વિતીય વાહક છે. શબ્દને જેમ અર્થ સાથે સંબંધ છે તેમ આત્માના જ્ઞાન અને ભાવ સાથે પણ તેને સંબંધ છે. મનુષ્યને શબ્દ શ્રવણને માટે ઇંદ્રિય અને તેનો અર્થ સમજવા માટે મન (બુદ્ધિ) મળી છે. જ્ઞાન અને ભાવ-પર શબ્દ અસર કરે છે તેથી નવકારમંત્રના અડસઠ શબ્દો આત્માના અશુદ્ધ ભાવોને દૂર કરે છે અને શુદ્ધ ભાવોને ઉત્પન્ન કરે છે. નવકારમંત્રને શુદ્ધ રીતે અને અર્થ અને ભાવાર્થ સાથે ગણવામાં આવે તો આત્મા કષાયાદિને ત્યજી દઈને શુદ્ધ બને છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્રના અડસઠ અક્ષરો અતિશય પવિત્ર છે. એ અડસઠ અક્ષરો નવપદોમાં વહેંચાયેલા છે. તેમને પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીએ નિરંતર ગણવા જોઇએ.

નવકારના પદોનો ક્રમ પ્રમાણે જપ કરવો તે પૂર્વાનુપૂર્વી છે. દાખલા તરીકે ૧–૨–૩–૪–૫–૬–૭–૮–૯, ઉત્ક્રમથી પદોનો જપ કરવો તે પશ્ચાનુપૂર્વી છે. દાખલા તરીકે ૯–૮–૭–૬–૫–૪–૩–૨–૧. ક્રમ અને ઉત્ક્રમને છોડી બાકીના સર્વ ભંગોની ગુણન ક્રિયાનું નામ અનાનુપૂર્વી છે. દાખલા તરીકે ૯–૭–૮–૫–૬–૩–૪–૧–૨ ઇત્યાદિ નવપદની અનાનુપૂર્વી પ્રમાણે ૩૬૨૮૭૮ ભંગ થાય છે. નવપદના કુલ ભંગો ૧×૨×૩×૪×૫×૬×૭×૮×૯= ૩૬૨૮૮૦ થાય છે તેમાંથી પ્રથમનો અને છેવટનો પૂર્વાનુપૂર્વીનો અને પશ્ચાનુપૂર્વીનો ભંગ છોડીને બાકીના (૩૬૨૮૭૮) ભંગ અનાનુપૂર્વીના ગણાય છે. અનાનુપૂર્વી ગણવા માટે પાંચપદની અને નવપદની અનાનુપૂર્વીની છાપેલી ચોપડીઓ વેચાતી મળી શકે છે.

નવકારમંત્ર બરાબર ગણાય તે માટે તેનું બાહ્યસ્વરૂપ અને આંતરિક સ્વરૂપ સમજવાની જરૂર છે.

બાહ્યસ્વરૂપ એટલે મંત્રનો અક્ષરદેહ અને આંતરિક સ્વરૂપ એટલે તેનો અર્થ દેહ. નવકારથી પરિચિત થવા માટે તેના પ્રત્યેક શબ્દનો અર્થ જાણવો જોઇએ. સામાન્ય અર્થ: नमो अरिहंताण અરિહંતભગવંતોને મારો નમસ્કાર હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશેષ અર્થ :—**

નમો દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારના નમસ્કારનું સૂચન કરે છે. દ્રવ્ય નમસ્કાર એટલે હાથ જોડવા, મસ્તક નમાવવું-ઘુંટણે પડવું. અને ભાવ નમસ્કાર એટલે જેમને નમસ્કાર કરતા હોઇએ તેમના પ્રત્યે વિનય રાખવો, ભક્તિ રાખવી, આદર રાખવો વગેરે.

મંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ નમો એ શોધન બીજ છે. તે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરવામાં ઉપયોગી છે.

તંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ નમો એ શાંતિક અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારૂં પદ છે તેથી નમો પદથી શરૂ થતું સૂત્ર શાંતિ અને પુષ્ટિને લાવે છે.

સંસ્કૃત મનઃ પદના મ અને ન અક્ષરોનો જો ઉલટા કરવામાં આવે તો નમઃ પદ થાય છે એનો અર્થ એ છે કે જ્યારે મનુષ્યનું બહિર્મુખ મન અંતર્મુખ બનશે એટલે સંસાર તરફ દોડતું મન આત્મા તરફ વળશે ત્યારે આ નમઃ પદ પ્રગટ થશે.

**અરિહંત પદની વિચારણા**

અરિહંત એટલે અર્હંત એટલે જે મહાપુરૂષ દેવ, દાનવ અને નરેંદ્રની પૂજાને યોગ્ય હોય તે અર્હંત કહેવાય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ નવપદની પૂજામાં (૧) અરિહંતના સ્વરૂપ પર, (૨) સિદ્ધના સ્વરૂપ પર, (૩) આચાર્ય પદ પર, (૪) ઉપાધ્યાયપદ પર અને (૫) સાધુપદ પદ પર નીચે પ્રમાણે કહ્યું છે :—

(૧) અરિહંતપદ ધ્યાતો થકો, દ્રવ્ય ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આત્મા, અરિહંત રૂપી થાય રે.

(૨ સકલ કરમમલ ક્ષય કરી, પુર્ણ શુદ્ધ સ્વરૂપોજી;
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી.

(૩) આચારજ મુનિપતિ ગણિ, ગુણ છત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી.

(૪) દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારક તાસ;
સૂત્રઅર્થ વિસ્તાર રસિકતે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે.

(૫) સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવવા, આતમ સાધન રંગીજી.

નવસ્કારનું સ્મરણ એટલે પંચપરમેષ્ઠિનું સ્મરણ, પંચપરમેષ્ઠિનું સ્મરણ એટલે આત્મશુદ્ધિનું સ્મરણ અને આત્મશુદ્ધિનું સ્મરણ એટલે મોક્ષનું સ્મરણ. આ પ્રમાણે નવકારનું સ્મરણ જીવનના અંતિમ ધ્યેય( મોક્ષ )નું સ્મરણ કરાવી મનુષ્યને મોક્ષ તરફ લઈ જાય છે તેથી નવકારને મહામંત્ર ગણ્યો છે. પંચપરમેષ્ઠિના ગુણોની વિચારણા કરવાથી તેમના પ્રત્યે નમ્રતા (વિનય) ઉત્પન્ન થાય છે. કષાયરૂપી તાપથી આ જીવ તપી રહ્યા છે. કર્મરૂપી મેલથી ખરડાઈ રહ્યો છે તેથી તેને ક્યાંય શાંતિ મળતી નથી. પણ પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવાથી તેને વિશ્રાંતિ મળે છે. વિવેકી આત્માઓ હંમેશાં આ નવકારનું આદરપૂર્વક જપ કરે છે. કારણ કે આ સંસારમાં નવકારમંત્ર એક જ સારભૂત વસ્તુ છે.

**મહામંત્રના પરમાર્થ**

અખીલ વિશ્વનો હું મિત્ર છું, મારે કોઈ સાથે શત્રુતા નથી, સર્વ જીવો દુઃખથી મુક્ત થાઓ, સર્વ જીવો પરમસુખી થાઓ. આવી ભાવના નવકારમંત્રના જપ કરનારે ભાવવી જોઈએ.

નવકારમંત્રના જપ વિના મનુષ્યના તપ અને સાધુની ચારિત્રની ક્રિયાનું ફળ નજીવું છે. અરિહંતના ૧૨ ગુણ, સિદ્ધના ૮ ગુણ, આચાર્યના ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ અને સાધુના ૨૭ ગુણ. કુલ ૧૦૮ ગુણ પંચપરમેષ્ઠિના છે, તેથી જપ કરવામાં પંચપરમેષ્ઠિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ક્ષમાશ્રમણ' ધર્મદાસગણિકૃત

# ઉવએસમાલા (ઉપદેશમાલા): રેખાદર્શન

(ગતાંકથી ચાલુ)

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

### અનુવાદો

**ઉવએસમાલા**ના આધુનિક ગુજરાતીમાં કેટલાક અનુવાદ પ્રસિદ્ધ થયા છે. દા. ત. મૂળ એનો રામવિજયગણિ કૃત ટીકાના આધારે મૂળનો અનુવાદ તેમજ એ ગણિકૃત ટીકાનું ભાષાંતર જૈનધર્મ પ્રસારક સભા તરફથી સને **૧૯૧૦** માં તેમજ માસ્તર ઉમેદચંદ રાયચંદ તરફથી પણ સને **૧૯૨૩** માં પ્રકાશિત કરાયું છે. એની અનુક્રમણિકામાં ૩૨૩ વિષયોનો ઉલ્લેખ છે. એમાં [1]૭૦ કથાઓનો નિર્દેશ આવી જાય છે. શરૂઆતમાં 'પીઠિકા' તરીકે રણસિંહ નૃપની કથા અપાઇ છે. તે ગણતાં ૭૧ કથા થાય છે.

એલ. પી. ટેસિટોરીએ (L. P. Tessitori) ઉવએસમાલા સંપાદિત કરી છે એટલું જ નહિ પણ એનો અનુવાદ પણ કર્યો છે અને એ છપાયો છે.

ઉવએસમાલાકથાઓ કથાઓનું સૂચનમાત્ર છે. એ ઉપરથી વિવરણકારોએ કથાઓ યોજી છે. દા. ત. પૂલિન્દ્રની કથા[2] અન્ય વિબુધોએ કેવળ કથાઓ આપી છે.

જેમકે (૧) **શાલિભદ્ર**ના શિષ્ય **જિનભદ્રમુનિએ** વિ. સં. ૧૨૦૪ માં પાઇયમાં રચેલો ઉવએસમાલા કહાસમાસ.

(૨-૩) અજ્ઞાતકર્તૃક ઉપદેશમાલાકથા. આ પૈકી એક તો **સંસ્કૃત**માં છે જ. બીજી પણ તેમજ હશે.

(૪) કેસરવિમલગણિના શિષ્ય કુંજરવિમલે રચેલી ઉપદેશમાલાકથા. આમ જે વિવિધ કથાઓ રચાઇ છે તેના મુખ્ય વિષયો અને કથાઓની ઉત્તરોત્તર સંખ્યા અને તેનો વિકાસ સંશોધન માટેની સામગ્રી પૂરી પાડે છે.

### યન્ત્ર અને શકુનાવલી

જિ. ર. કો. (પ્રથમ વિભાગ, પૃ. ૫૬)માં ઉપદેશમાલા યંત્ર અને ઉપદેશમાલા શકુનાવલીની નોંધ છે. **વિશ્વપ્રભા** કિંવા **દિનશુદ્ધિ દીપિકા**ના દસમા પરિશિષ્ટમાં કોષ્ટક સહિત **શકુનાવલી** અપાઇ છે.

**જર્મન અને અંગ્રેજીમાં નોંધ**-પ્રો. મોરિસ વિન્ટર્નિત્સે જે નિમ્નલિખિત જર્મન પુસ્તક બે ભાગમાં રચ્યું છે. તેમાં **ઉવએસમાલા** વિષે જર્મનમાં સંક્ષિપ્ત નોંધ છે :-

Ges-chichte der Indischen Litteratur.

મિસિસ એસ. કેતકરે અને મિસ એચ. કોહને (Kohn) મળીને આ પુસ્તકનો અંગ્રેજીમાં [1]અનુવાદ કર્યો છે અને એ બે ભાગમાં "કલકત્તા વિદ્યાપીઠ" તરફથી પ્રસિદ્ધ થયો છે. બીજો ભાગ ઈ. સ. ૧૯૩૩માં છપાયો છે. એના પૃ. ૫૬૦-૫૬૧માં **ઉવએસમાલા**નો અંગ્રેજીમાં પરિચય અપાયો છે.

**ચન્દનબાલાનો વિનય**-૧૩મી ગાથામાં કહ્યું છે કે ભગવતી રાજપુત્રી આર્યા (ચન્દનબાલા) હજારોથી પરિવૃત હોવા છતાં અભિમાન કરતી નથી કેમકે તે તેના કારણને નિશ્ચે જાણે છે. એક દિવસના દીક્ષિત દમગ (ભિક્ષુક)ની સન્મુખ આર્ય ચન્દના આર્યા ઊઠી અને આસન ગ્રહણ કરવા ઇચ્છા ન કરી એ સર્વ આર્યાઓનો-સાધ્વીઓનો વિનય છે.[2]

**વિશેષતાઓ**—**ઉવએસમાલા**ની કેટલીક વિશિ

(અનુસંધાન પેજ ૯૭)

---

૧ આ પૈકી ૬૫ કથાઓ તો ૨૮૩ ગાથા સુધીમાં આવી જાય છે.

૨ આ કથા "ભક્તિ તે આનું નામ"ના નામથી મેં લખી છે અને એ અહીંના સુરતના "હિંદુ મિલન મંદિર" (વર્ષ ૮, અંક ૫)માં છપાવાની છે.

૧ આનું નામ "A History of Indian Literature" છે.

૨ જુઓ ગાથા ૧૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું જીવન અને સર્જન

લેખક-મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી

કાળના ક્રૂર હાથે ભલે એમનું નશ્વર શરીર નાશ પામ્યું...કાળના અનંત ભૂગર્ભમાં ભલે એમનું અસ્તિત્વ વિલીન થઈ ગયું...પરંતુ જે કંઇ શેષ રહી ગયું, તે આજે પણ શાસ્ત્રસંદર્ભની ભાષામાં તેમની ભૂતકાળની ભવ્યતા સંભળાવી રહ્યું છે.

અતીતનાં સંભારણાં...મનુષ્ય માટે સ્વભાવિક રીતે જ આકર્ષક હોય છે. એ હકીકત કેટલી બધી સુસંગત છે?... પરંતુ એ ભૂતકાળની ભવ્યતા... અતીતનાં એ સુમધુર સંભારણાં...એ અનુભવવા મનુષ્યને સ્વપ્ન પ્રદેશમાં વિચરવું પડે છે, કેમ કે સ્વપ્ન પ્રદેશ એ આ પાર્થિવ-સંસારથી દૂરનું એવું સ્થળ છે કે જ્યાં માનવી ભૂતકાલીન પ્રિયપાત્રો સાથે એકાન્તમાં મળી શકે છે, કે જે મિલન થવું પાર્થિવ જગતમાં શકય નથી.

આપણે એવી એક અદ્વિતીય વ્યક્તિની ભાવના-પ્રેરિત પ્રતીતિ કરવી છે, કે જે વ્યક્તિ આજે આપણી વચ્ચે નથી, હા...એ સ્થૂલ દેહે...નશ્વર દેહે મોજૂદ નથી, પરંતુ આપણી ભાવના સૃષ્ટિના ઉચ્ચ સિંહાસને તેમનું સનાતન આત્મત્વ અદ્યાપિ બિરાજિત છે.

ઇતિહાસના શુષ્ક અને નિષ્પ્રાણ વિધાનોમાં એ ભાવપ્રેરિત પ્રતીતિની વ્યંજના ક્યાંથી સંભવે? ઇતિહાસની તવારીખોમાં મનુષ્યની સહૃદયતાને સજીવન કરનારી મહાપુરુષની એ તેજઃ પ્રતાપ અને પ્રભુત્વની ઝાંખી શી રીતે થાય? આપણે આચાર્યદેવ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજનાં ભાવના-પ્રેરિત દર્શન કરવાં છે! તે માટે આપણે ઇતિહાસ કરતાં વધુ ભાવનાનો સથવારો લઇશું. પાર્થિવ-જગત છોડી સ્વપ્ન-પ્રદેશમાં સ્વૈર વિહરણ કરશું અને અંતે એમનાં રહ્યાં-સહ્યાં અવશેષો-સ્મારકો, કે જે શાસ્ત્રસંદર્ભરૂપ છે, તેને ભાવભરી અંજલિ-અર્ઘ્યાંજલિ અર્પીશું.

× × ×

પ્રભાત હતું. પવિત્રતાનો પમરાટ હતો, વેદધ્વનિ વાયુમાં વહી રહ્યો હતો. હરિભદ્ર પુરોહિત ચિતોડના માર્ગો પરથી પસાર થતો હતો... ત્યાં એના કાને એક અસ્પષ્ટ અવાજ અથડાયો...તેને સમજવા હરિભદ્ર ઊભો રહી ગયો. અવાજ સ્પષ્ટ થતો જતો હતો ...રસ્તા પરના એક રમ્ય આવાસમાંથી એ પુણ્યધ્વનિ આવી રહ્યો હતો. અવાજમાં મધુરતા હતી...એથીય અધિક સુસ્પષ્ટ શબ્દોચ્ચારણ હતું, અને એનેય ટપીને એ સૌમ્ય ધ્વનિમાં ગંભીરતા, આંતરમયતા હતાં! છતાં એ ધ્વનિનો અર્થ સમજવા હરિભદ્રની જ્ઞાનશ્રી સમર્થ ન બની...ઘણું ઘણું મંથન...અતિ અતિ પર્યાલોચન કરવા છતાં હરિભદ્ર નિરાશ બની ગયો... પોતાની વિવશતા પર એને રોષ ભરાયો...જ્ઞાનશ્રીના સોદા કરી મેળવેલી કીર્તિકન્યા પરનો અનુરાગ ઓસરવા લાગ્યો...અવાજને સમજવા તેણે નિર્ણય કર્યો... અવિચળ નિશ્ચય કર્યો...તે માટે જે કંઈ કરવું પડે તે કરવાનો આત્મનિશ્ચય કરી તેણે તે ધવલપ્રાસાદ પ્રત્યે પગલાં માંડ્યાં...પણ તેના પરાજિત હૃદયમાં કોઈ ઊંડું આત્મસંવેદન આવિર્ભૂત થયું હતું.

ગૃહદ્વારમાં તે પ્રવેશ્યો. અજાણી આંખોએ અનુપમ દ્રશ્ય નિહાળ્યું. સંસારથી વિરક્ત વિભૂતિઓ ત્યાં બિરાજેલી હતી. શ્વેત વસ્ત્રોમાં વિંટળાયેલાં સાધ્વીજીનો સમુદાય પ્રભાતનો મંજુલ સ્વાધ્યાય કરી રહ્યો હતો. તેમાંથી ઊઠતા ધ્વનિએ હરિભદ્રનાં નયનો ક્ષણભર બંધ કરાવી દીધાં...અને એના હૃદયસિંહાસને પલવાર પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું. પુરોહિતને પાર્થિવ સંસારમાં પવિત્રતાના પ્રદેશમાં પ્રવેશ થયેલો ભાસ્યો... સ્વર્ગ કરતાંય અધિક સુંદરતા... અમૃત કરતાંય અધિક મધુરતા...પ્રેમ કરતાંય અધિક નિર્મળતા... તેની આંખ સમક્ષ એક સુરમ્ય ચિત્ર ખડું થયું. ક્ષણભર માટે પોતે પોતાની પરાજિત સ્થિતિનો વિષાદ ભૂલી ગયો.

ત્યાં તેણે મધ્યમાં એક ઉચ્ચાસને બિરાજેલાં પ્રૌઢ સાધ્વીજીને જોયાં. ગંભીરતા, પ્રૌઢતા અને તપશ્ચર્યા ત્યાં મૂર્તિમંત બનેલાં હતાં. હરિભદ્રે નજીક જઈ નમન કર્યાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ધર્મલાભ..." સાધ્વીજીએ ગંભીર ધ્વનિએ આશિષ આપી. એ એક અનુપમ દૃશ્ય હતું...જે હરિભદ્ર હજારો પંડિતોને નતમસ્તક બનાવી શકયો હતો, તે આજે એક શ્લોકનો અર્થ જાણવા સાધ્વીજીના ચરણોમાં નમી રહ્યો હતો! "માતાજી...! આપ જે સ્વાધ્યાય કરી રહ્યાં છો, તે 'चक्की दुगं' શ્લોકનો અર્થ અને સમજાવવા કૃપા કરશો?"

યાકિની મહત્તરા સાધ્વીજીએ પુરોહિતના શબ્દોમાં નમ્રતા અને ઉત્કટ જિજ્ઞાસા જોઇ; ચિતોડની રાજસભાનો લાડીલો અને વિદ્વતાના પ્રાગ્ભારથી મહાપ્રતિભાસંપન્ન હરિભદ્રમાં એ દીર્ઘદ્રષ્ટા સાધ્વીજીએ કોઇ અનાગતનાં ઉજ્જવલ એંધાણ પારખ્યાં. તેની જાગેલી જ્ઞાનવારિની તૃષા જિનભાષિત તત્ત્વોના જલધોધથી છિપાવવા નિશ્ચય કરી તેમણે મધુર ધ્વનિથી તેને કહ્યું—

"મહાનુભાવ! તારી જિજ્ઞાસા અને તારા આત્માની મૃદુતાથી મારૂં હૃદય ઘણું આનંદિત થયું. પરંતુ તારી તે પ્રબળ તૃષાને તૃપ્ત કરવા મારી નાનકડી પરબડી શું સમર્થ બને? કદાચ તું કહે કે—'બને...' પણ તેથીય આગળ હું તને કહું છું કે અમારી ભૂમિકા અમને અર્થજ્ઞાન આપતાં રોકે છે. અર્થજ્ઞાન આપવાની ભૂમિકાએ અમારા આચાર્ય ભગવંત બિરાજિત છે. એમનો શ્રુતસાગર અગાધ છે. તેમની વિશદ પ્રજ્ઞા જિનશાસનની સરાણે ચઢી સુતીક્ષ્ણ બનેલી છે. તને જે તૃપ્તિ ત્યાંથી થશે, ભલા. તે મારી પાસેથી શી રીતે પૂર્ણ થશે?"

પુણ્યમૂર્તિ સાધ્વીજીનો એક એક શબ્દ હરિભદ્રના હૃદયસાગરનું મંથન કરતો હતો. ધર્મમાતાના હૃદયથી વહી રહેલો મહાકારુણ્યનો પ્રવાહ હરિભદ્રને સ્પર્શ્યો. હરિભદ્રના અતલ ઊંડાણમાં તે પ્રવેશ્યો. તેના સુષુપ્ત આત્મતત્વને ચૈતન્ય પ્રદાન કર્યું. જન્મદાત્રી જનેતા કરતાંય કંઇક અધિકતા હતી. આ મૈયાની મમતામાં અને તે અધિકતાને પુરોહિતે પિછાની...ત્રૈકાલિક હિતના અમૃતથી નીતરતાં નયનો આગળ હરિભદ્રના હૃદયનો મદ પાણી પાણી થઇને વહી ગયો. સાધ્વીજીની અનુજ્ઞા લઇ હવે તેમણે ચીંધેલા સ્થળે જવા નિર્ણય કરી તે ત્યાંથી નીકળી ગયો.

તે સ્વગૃહે આવ્યો. પણ હવે તેનો આંતરપ્રવાસ એવા પ્રદેશે શરૂ થઈ ચૂકયો હતો કે જેમાં અનંતમધુરતા હતી. સાથે જ અજાણી ભૂમિના પ્રવેશનો રોમાંચ...હર્ષ...વિષાદ પણ હતો...ચાલી રહેલા આંતરવિગ્રહમાં તેની અખૂટ સાહસિકતા હતી...રેશમ મઢેલી ગાદીઓ પર તે તરફડી રહ્યો હતો. નિદ્રાદેવીથી પરિત્યક્ત દશામાં તેની કલ્પનાસૃષ્ટિ સર્જાતી હતી. ઘડીકમાં એ યાકિની મહત્તરા સાધ્વીજી માતાના મમતાળુ માતૃત્વને માપવા મથે છે...તો ઘડીકમાં તેમણે ચીંધેલા મહાપુરુષનું કલ્પના ચિત્ર દોરવા પ્રેરાય છે. આવી ધર્મમૂર્તિ માતાએ જેમને પોતાના શિરછત્ર ધર્યા છે, તે કેવી માનવ-વિભૂતિ હશે...? જૈનધર્મના એક શ્લોકને યથાર્થ સમજવા હું સમર્થ ન બન્યો. તો જિનપ્રણીત શ્રુતસાગરમાં તો મારો ચંચુપ્રવેશ પણ શી રીતે થઇ શકે...ને એ આચાર્ય શ્રુતસાગરના પારગામી છે!....અહો! કયાં મારી તુચ્છ પામરતા છતાં ગર્વિલી દશા...ને કેવી એમની ઉન્નત દશા......"

તેનો મદ ઓગળી જવા લાગ્યો. પણ જેમ જેમ તેની યુવાનીનો જ્ઞાનશ્રીએ જાન પર જામ ભરીભરીને પાયેલો મદ ઓસરતો ગયો તેમ તેમ તેના સ્થાને ઉજ્જવલ પ્રૌઢતા આવતી ગઇ. એટલે હવે જ્યારે વહેલી સવારે તે ઘરબહાર નીકળ્યો, ત્યારે તેના મુખ પર ગંભીરતા હતી...છલકતી પ્રતિભા હતી!

× × ×

યુવાન પુરોહિત અલ્પ સમયમાં જ મંદિરના દ્વારે આવી પહોંચ્યો...પ્રવેશ્યો...આ જ એ મંદિર હતું કે જ્યાં હરિભદ્રને ભયના માર્યા ભરાવું પડેલું; આજે એ સ્વયં જ આવી પહોંચ્યો છે; આજે એની દૃષ્ટિ વાસ્તવિક દર્શન કરી રહી, જિનપ્રતિમાની પ્રસન્નતા એના હૃદયે વધાવી. "વીતરાગતામૂલક જ આ પ્રસન્નતા હોઇ શકે." એની અતિ નિપુણ પ્રજ્ઞાએ નિર્ણય કર્યો. બે હાથ જોડી નતમસ્તક બની તે નમી પડ્યો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગપ્રભુની સ્તવના કરીને તે આચાર્ય ભગવંતના ઉપાશ્રયના દ્વારે આવી ઊભો.

આચાર્યશ્રી જિનભદ્રસૂરિજી મહારાજે પુરોહિતે કરેલી વીતરાગસ્તુતિ સાંભળી હતી. તેઓશ્રીએ પંડિતના હૃદયનું...તેની મનોલાગણીઓનું તેમાં સ્વચ્છ દર્શન કર્યું હતું અને તેથી તેમનું હૃદય આજે કોઇ ભવ્ય આંતરઅનુભવ કરી રહ્યું હતું. પુરોહિતને તેઓશ્રીએ મધુમધુર વાણીથી ધર્માશિષ આપી. સંયમના ચરણે પુરોહિતે નમન કર્યાં. જ્ઞાનશ્રીના લાડીલા હરિભદ્રે એ...ક શ્લોકના અર્થની સૂરિદેવ પાસે ભીખ માંગી.

"કોઈ પણ શાસ્ત્રને ન સમજી શકું...તે બને નહિ...કદાચ ન સમજી શકું, તો તે સમજાવનારની કોઈ પણ શરતોનો સ્વીકાર કરીને પણ તે સમજું." હરિભદ્રની આ પ્રતિજ્ઞાએ તેને આચાર્યદેવની પાસે આણ્યો.. અને એ પ્રતિજ્ઞાએ તેના સાંસારિક જીવનનો ત્યાગ કરાવ્યો...પાર્થિવ સુખો...માનવીય કામનાઓ અને ઐશ્વર્યવિલાસનું બલિદાન દેવરાવ્યું...જ્ઞાનશ્રીની ઉપાસના ખાતર...જ્ઞાનશ્રીની ઉત્કટ અભિલાષાને પૂરવા માટે એણે શું ન કર્યું ? જે કંઈ કરવું પડ્યું...તે બધું જ તે કરી છૂટ્યો.

આચાર્યશ્રી જિનભદ્રસૂરિજી યુવાન હરિભદ્રની ચૌદ વિદ્યાની પારગામિતાથી જ્ઞાત હતા. એની રાજમાન્યતા અને લોકપ્રિયતાથી તેઓશ્રી સુપરિચિત હતા; એથીય અધિક તેની સત્ત્વશીલતા અને પ્રતિભામાં સૂરિદેવે જિનશાસનની પ્રભાવકતા જોઇ ! તેના પ્રતિજ્ઞાપાલનમાં જિનશાસનની અદ્ભુત વફાદારિતા જોઈ. તેઓશ્રીએ તેની શ્લોકાર્થના જ્ઞાનની યાચના પૂરી કરવા કબૂલ્યું, પરંતુ તે માટે સર્વત્યાગ અને આત્મસમર્પણની બે કડક શરતો સામે મૂકી...હરિભદ્રે તે કબૂલ રાખી. ક્ષણવારમાં એ બની ગયું કે હરિભદ્ર સંસારી મટી સંયમી બની ગયો, એ સ્વપ્ન ન હતું. એ માનવીને માટે સહજ એવો જિંદગીનો ખેલ ન હતો. પરંતુ એ સત્ય અને નક્કર હકીકત બની ગઇ કે જ્ઞાનશ્રીના લાડીલા હરિભદ્રે જ્ઞાનશ્રીને સંતોષવા સંસાર ત્યાગ કર્યો...પણ ઇતિહાસકારો કહેવાતાઓએ ક્યાંય પણ એ ભવ્ય દિવસનું...વર્ણન કર્યું નથી !

પાર્થિવ સંસાર માટે માનવજીવન ભલે એક ખેલ હોય. મનોરંજનની ભલે એક અદ્ભુત સામગ્રી હોય, પરંતુ અધ્યાત્મિઓના સ્વપ્નલોકમાં માનવજીવન એટલે સંગેમરમરનો ચમકદાર પાષાણ છે; હરિભદ્રે સાધુતાના ટાંકણાવડે એ પત્થરમાં આત્માભિવ્યક્તિ કરવાના પ્રયત્નો શરૂ કરી દીધા.

મુનિશ્રી હરિભદ્રની જ્ઞાનશ્રીનું યૌવન દિનપ્રતિદિન વિકસવા માંડ્યું. જ્ઞાનશ્રીના શુભાભિલાષોને હરિભદ્ર મુનિવર કમર કસીને પૂરવા મંડ્યા...અને એ અનંત યૌવના જ્ઞાનશ્રી પોતાના પરમપ્રિયતમની સાથે રાતદિ' અપૂર્વ આનંદમાં...સુખના પૂરમાં વિલસવા લાગી.

મુનિવર હરિભદ્ર ગુરુદેવના પરમ વિનયપૂર્વક જ્ઞાનાર્જન કરવા મંડ્યા...ટૂંક સમયમાં જ તેઓ જિનશાસનના તત્ત્વનિધિથી સુપરિચિત બની ગયા અને જેમ જેમ તેઓશ્રીની પરિપક્વ પ્રતિભાએ જિનતત્ત્વોની અગાધતાને નિહાળી, જિનતત્ત્વોના સાગરગંભીરતા નીરખી...અનુપમ તત્ત્વશૈલીને જોઇ તેમ તેમ તેમને પૂર્વજીવનની વિદ્વત્તા નિઃસાર અને નિષ્પ્રાણ લાગી; ચૌદપૂર્વોનો જ્ઞાનસાગર આગળ ચૌદ ઓદ્યાવિ તો એક બિંદુ પણ નહિ ! ભલે એ પૂર્વોનું જ્ઞાન વિલુપ્ત થઈ ગયું હતું, છતાંય જે કંઇ શેષ હતું તે એટલું બધું અદ્ભુત, અખૂટ અને અવનવું હતું કે તેની સહેલગાહે નીકળેલા આપણા મહામુનિ શ્રી હરિભદ્રજી જે અવર્ણનીય આંતર–આનંદને અનુભવતા હતા, તેનું વર્ણન કરવું પાર્થિવ સંસારના મનુષ્ય માટે અશક્ય પ્રાયઃ છે ! એનું હૃદયગ્રાહી વર્ણન એમના રહ્યાંસહ્યાં શાસ્ત્રસ્મારકોને જ કરવા દો !

× × ×

મુનિવર શ્રી હરિભદ્રજીની ઉચ્ચતમ ગુણમયતા, અનુપમ શ્રુતસાધના...ભવ્ય પ્રતિભા...વગેરે અનેકાનેક યોગ્યતાઓ જોઇ આચાર્ય ભગવંતે શ્રી હરિભદ્ર મુનિવરને આચાર્યપદે આરુઢ કર્યા.

આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીની સર્વતોમુખી સંયમ–પ્રતિભાએ ભારતવર્ષના શ્રીસંઘોનું અદ્ભુત આકર્ષણ કર્યું. તેઓશ્રીની પંચાચાર પ્રચારની પવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્તિએ અનેકાનેક ભાવુક આત્માઓનું ભવકૂપમાંથી ઉદ્ધરણ કર્યું. એટલેથી જ તે મહાસાધુપુરુષનું કાર્ય-ક્ષેત્ર મર્યાદિત ન બન્યું, પરંતુ પરમાત્મા વીરવિભુના શાસન પ્રત્યે જે તેમની હૃદયતઃ ઝુકાવટ હતી, તે ઝુકાવટે તેમને વર્તમાન ને ભાવિકાલીન ભવ્ય જીવોના ભાવકલ્યાણ માટે અનેકાનેક શાસ્ત્ર-સર્જન કરાવ્યાં અને એઓશ્રીનો એ શાસ્ત્રસર્જનનો ભગીરથ સુપ્રયત્ન ખરેખર...આજે પણ સુંદર કારગત નીવડી રહ્યો છે. સંગેમરમરના પાષાણોથી બંધાયેલી રાજ-મહેલાતો...સ્મારક મંદિરો...કે કીર્તિસ્તંભો કરતાંય તેમનું શાસ્ત્રસર્જન અધિક ચિરંજીવી બન્યું છે; જેનાં ગૌરવ અને ભવ્યતા આજે પણ એટલાં જ સહૃદય આત્માઓમાં જળવાયેલાં છે.

હા...કાળ અને ક્રૂરતાની થપ્પડો ખાઈ કેટલીય શાસ્ત્રઇમારતો વિસર્જન પામી.. છતાંય શેષ ગ્રન્થ-રત્નો એટલાં જ ગહન-ગંભીર અને જિનશાસનના મર્મદર્શક છે. ગ્રંથોના શબ્દે શબ્દે આત્મસંશોધનની સિદ્ધ પ્રક્રિયાઓ આલેખાયેલી પડી છે...પંક્તિએ પંક્તિએ પરમાત્મપંથનું માર્મિક માર્ગદર્શન દેખા દે છે...પાને પાને દાર્શનિક ચર્ચાઓની અનેકાન્તવાદના પાયા પર થયેલી સમ્યગ્ આલોચના દ્રષ્ટિગોચર થાય છે.

તેઓશ્રીએ અનેકાનેક દાર્શનિક-આધ્યાત્મિક વિષયો પર લખ્યું છે. શ્રી યોગદષ્ટિસમુચ્ચય, યોગબિંદુ, યોગશતક અને યોગવિંશતિકામાં તેઓશ્રીએ યોગની ક્રમિક સાધનાનું હૃદયંગમ અને સુબોધ નિરૂપણ કર્યું છે, કે જે વિશ્વના સમગ્ર યોગસાહિત્યમાં પોતાનું અનોખું અને આગવું સ્થાન ધરાવે છે.

અનેકાન્તજયપતાકા, શાસ્ત્રવાર્તાસમુચ્ચય.. ષડ્-દર્શનસમુચ્ચય...ગ્રંથોમાં તેમનો દાર્શનિક સાહિત્યનો તલસ્પર્શી બોધ અભિવ્યક્ત થયેલો છે. શ્રીજિનશાસનના ત્રિકાલાબાધ્ય અકાટ્ય સિદ્ધાન્તોની તેઓશ્રીએ તર્કની એરણ પર સિદ્ધિ કરી છે. તેઓશ્રીએ ભારતીય સમગ્ર દર્શનોમાં જૈનદર્શનની શ્રેષ્ઠતમતા વ્યંજિત કરવા સાથે ખૂબ જ સૌમ્યતા, સૌજન્યતા અને સહૃદયતાથી અન્ય દર્શનોને નયવાદના સિદ્ધાંત પર ન્યાય આપ્યો છે.

જ્યારે તેઓશ્રીની ચમત્કૃતિજનક કૃતિ "લલિત-વિસ્તરા" આપણને તત્ત્વોના કોઈ અગમ અગોચર પ્રદેશમાં જ લઈ જાય છે ! શ્રી ચૈત્યવંદન સૂત્રો પરની આ વ્યાખ્યા છે, પરંતુ માત્ર તે વ્યાખ્યા જ ન રહેતાં આપણા માટે તે જીવનોપયોગી એક જડીબુટ્ટી છે. શ્રી સિદ્ધર્ષિગણિનું તર્કકુશળ માનસ જ્યારે બૌદ્ધોની સિદ્ધાન્ત-જાળમાં ચલિત બની ગયું, એકવીશ એકવીશવાર જ્યારે તેઓ બૌદ્ધમતમાં ગયા...ને પાછા આવ્યા...ત્યારે છેવટે તેમના ગુરુદેવે 'લલિતવિસ્તરા'ના અમોઘમંત્રથી તેમના ચલિત ચિત્તને સુસ્થિર કર્યું. 'લલિતવિસ્તરા' ગ્રંથના પદે પદે એવી મનોગમ તત્ત્વ ગૂંથણીઓ થયેલી છે... પાને પાને મિથ્યામતોની એવી સમીચીન સમાલોચનાઓ થયેલી છે, કે એ ગ્રંથસાગરની સહેલે ઉપડેલું હૃદય આ અસાર... તુચ્છ અને ભવભ્રામક પાર્થિવ સંસારના કિનારે પુનઃ આવવા ઈચ્છતું નથી.

ભાવુક આત્માઓ જ્યારે સૂરીશ્વરજીના અગાધ આત્મમંથનમાંથી પ્રગટેલી "સમરાઈચ્ચ કહા"માં પ્રવેશે છે, ત્યારે તો તેમને આધ્યાત્મિકતાના અનંત આકાશમાં ઉડ્ડયન કરવાનું વિશાળક્ષેત્ર પ્રાપ્ત થઈ જાય છે. આવો, આપણે જરા આ કથાગ્રંથની ઉત્પત્તિનો રોમાંચક પણ હૃદયગ્રાહી ઇતિહાસ જોઈએ.

સૂરીશ્વરજીના શિષ્યો હંસ અને પરમહંસ બૌદ્ધોના મઠમાં અભ્યાસાર્થે ગયા. તેઓ છૂપાવેશે હતા... બૌદ્ધાચાર્યને શંકા પડી...બાંધવ બેલડીનું જૈનત્વ પ્રગટ થઈ ગયું...બૌદ્ધોના કિલ્લામાં આત્મરક્ષા થઈ શકવાની અશકયતા હોઈ ત્યાંથી બંને સાધુઓ નાસી છૂટ્યા...બૌદ્ધોના ઝનૂની યોદ્ધાઓએ પૂંઠ પકડી... હંસ પરમહંસે જીવન-મરણના ખેલને પિછાની લીધો. સહસ્ત્રયોધી હંસ બૌદ્ધ સુભટોનો સામનો કરવા રોકાયો...પરમહંસ ગુરુદેવને બૌદ્ધદર્શનના સિદ્ધાન્તોની પોકળતાને સંપૂર્ણ જણાવવા ત્યાંથી આગળ નીકળી ગયો...અહીં હંસ ખૂબ જ સ્વસ્થતાથી એક અણનમ યોદ્ધાની જેમ હજારો બૌદ્ધોનો માર્ગ રોકીને ઊભો... સામનો કર્યો...છતાં નિઃશસ્ત્ર એવો હંસ હિંસક શસ્ત્ર-ધારી બૌદ્ધોની સામે કયાં સુધી ટકીશકે ?

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( રેખાદર્શન : પેજ ૯૨ થી શરૂ )

ષ્ટતા છે. તેમાં એક તો કર્તાએ નિમ્નલિખિત પદ્યમાં પોતાનું નામ ગૂંથ્યું છે અને એ જાણવાની રીત પણ એમણે દર્શાવી તે છે:—

धंतमणिदामससिगयणिहिपयपढमक्खरभिहाणेण।
उवएसमाला पगरणमिणमो रइअं हिअट्ठाए॥"

આમાં જેમ ધંત, મણિ ઇત્યાદિ પદોના આદ્ય અક્ષરો દ્વારા કર્તાએ પોતાનું નામ દર્શાવ્યું છે તેમ જયસેહર (જયશેખર)સૂરિએ ઉવએસ ચિન્તામણિમાં અમુક અમુક પદોના વચલા અક્ષરો દ્વારા સૂચવ્યું છે.

બીજી વિશિષ્ટતા તે નીચે મુજબના ૫૧ મા પદ્યના ૧૦૧ અર્થ થાય છે તે છે:—

"दोससय मूलजालं पुव्विरिसि विवज्जियं जइवन्तं।
अत्थ वहमि अणत्थं कीस अणत्थं तवं परसि॥५१॥"

આ ૧૦૧ અર્થો પાંચ પરમેષ્ઠી, છ કાયની રક્ષા, આઠ પ્રવચનમાતા, મુનિધર્મના દસ પ્રકારો, ગણધરો વગેરેને ઉદ્દેશાને છે.

આ અર્થો લાવણ્યધર્મના શિષ્ય ઉદયધર્મે વિ. સં. ૧૬૦૫ માં દર્શાવ્યા છે.

ત્રીજી વિશિષ્ટતા તે ૪૭૧ મા પદ્યમાં "મા-સાહસ" પક્ષીનો ઉલ્લેખ અને એના પછીના પદ્યમાં એ પક્ષીનું સ્વરૂપ વિચારાયું છે તે છે.

ચોથી વિશિષ્ટતા એ છે કે મૂળ કૃતિની એક કરતાં વધારે તાડપત્રીય પ્રતિઓ મળે છે.

પાંચમી વિશિષ્ટતા એ છે કે એ ઉવએસપયની રચનામાં સમભાવભાવી હરિભદ્રસૂરિને અનુકરણાર્થે કામ લાગી હતી, જયસિંહસૂરિકૃત **ધમ્મોવએસમાલા** વગેરે પણ એના અનુકરણરૂપ છે.

છઠ્ઠી વિશેષતા તે એને અંગેના વિવરણાત્મક સાહિત્યની વિપુલતા છે.

સાતમી વિશેષતા તે એમાં સુચવાયેલા કથાનકો છે.

આઠમી વિશેષતા તરીકે **૧૫** મી ગાથા રજૂ કરી શકાય કેમકે એમાં જે નીચે મુજબની વાત છે તેના સમર્થનરૂપ કોઈ પ્રાચીન ઉલ્લેખ વાંચ્યાનું મને સ્ફુરતું નથી.

એકસો વર્ષની દીક્ષિત સાધ્વીને આજનો દીક્ષિત સાધુ અભિગમન, વંદન અને નમસ્કાર તેમજ વિનય વડે પૂજ્ય છે.

**સ્વાધ્યાય-ઉવએસમાલા** અને એના પ્રકાશનો તથા વિવરણો તેમજ હાથપોથીઓ વગેરેનો વિચાર મેં મારી નિમ્નાલંખિત કૃતિઓમાં કર્યો છે એ હવે સૂચવીશ.

૧. પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (પૃ. ૧૨૭, ૧૫૦, ૧૯૦, ૨૦૯ અને ૨૩૭).

૨. ઉપદેશરત્નાકરની મારી ભૂમિકા (પૃ. ૫, ૨૭, ૪૫ અને ૪૭).

A Descriptive Catalogue of the Government Collections of manuscripts (Vol. XVIII, pt. 1, ph. 361–415).

૪. યશોદોહન (ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયગણિનાં જીવન અને કવન).

**સૂચન**-જૈન ધાર્મિક સાહિત્યમાં અને ખાસ કરીને ઔપદેશિક સાહિત્યમાં આ ધર્મદાસગણિકૃત **ઉવએસમાલા** ઘણું મહત્ત્વનું સ્થાન ભોગવે છે; એથી એનું સમીક્ષાત્મક સંપાદન આવશ્યક છે. આ કૃતિ સંસ્કૃત છાયા, પદ્યાનુક્રમણિકા, પ્રાચીનતમ વિવરણ, મૂળનો ગુજરાતી અનુવાદ અને એને અંગેની કથાઓના ગુજરાતી સારાંશ. વિસ્તૃત ઉપોદ્ઘાત અને સમુચિત પરિશિષ્ટો સહિત પ્રકાશિત થવી ઘટે. આશા છે કે જૈન સાહિત્યના સાચા અને સંપૂર્ણ મૂલ્યાંકન માટે અભિલાષા સેવનારી અને તે માટે યોગ્ય પ્રયાસ કરનારી કોઇક જૈન-સાહિત્ય-પ્રકાશન સંસ્થા તો આ મારા નમ્ર સૂચન ઉપર પૂરતું લક્ષ્ય આપી સત્વર ઘટતું કરશે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન ધર્મ પ્રસારક

### સંવત ૨૦૧૯નાં આસો વદી અમાસના

| ફંડો અને જવાબદારીઓ | | |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડો :-** | | |
| અન્ય ફંડો ( પરિશીષ્ટ મુજબ ) ... ... | | ૮૭૪૦૮-૫૩ |
| **જવાબદારીઓ :-** | | |
| ખર્ચ પેટે ... ... ... | ૩૮૫-૩૨ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે... ... | ૧૦૬-૦૦ | |
| અન્ય જવાબદારીઓ ... ... ... | ૫૦૮-૯૩ | ૧૦૦૦-૨૫ |
| **ઉપજ ખર્ચ ખાતું :-** | | |
| ગઈ સાલની બાકી ... ... ... | ૧૪૭૬-૧૫ | |
| ઉમેરો ચાલુ સાલનો વધારો ઉપજ ખર્ચ ખાતા મુજબ... | ૫૯૨-૯૪ | ૨૦૬૯-૦૯ |
| કુલ રૂ.... | | ૯૦૪૭૭-૮૭ |

### સં. ૨૦૧૯ના આસો વદી

| આવક | | |
|---|---|---|
| **ભાડા ખાતે ( લેણી/મળેલી )** ... ... ... | | ૧૯૦૮-૮૧ |
| **વ્યાજ ખાતે ( લેણી-મળેલી )** ... ... | | |
| ડીપોઝીટ ઉપર ... ... ... | ૧૧૭૭-૨૫ | |
| બેન્કના શરાફી ખાતા ઉપર ... ... | ૫-૯૮ | ૧૧૮૩-૨૩ |
| **બીજી આવક** .. ... ... | | ૫૧-૫૦ |
| કુલ રૂ.... | | ૩૧૪૩-૫૪ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

### રોજ પુરા થતાં વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

#### મિલ્કત

| | | |
|---|---|---|
| સ્થાવર મીલ્કત ... ... ... ... | | ૫૦૦૦૦-૦૦ |
| જંગમ મિલ્કત (લાયબ્રેરી પુસ્તક સ્ટોક)... ... ... | | ૬૯૨૮-૬૯ |
| સ્ટોક (પુસ્તક સ્ટોક) ... ... ... ... | | ૯૭૩૦-૯૫ |
| લ્હેણું (શ્રી જૈન ધર્મ પ્રકાશ ખાતે) ... ... ... | | ૧૪૧૮-૧૭ |
| એડવાન્સીઝ :- | | |
| બીજાઓને (ડીપોઝીટ) ... ... | ૨૫-૦૦ | |
| | | ૨૫-૦૦ |
| વસુલ નહિ આવેલી આવક :- | | |
| ભાડું ... ... ... ... | ૫૪૧-૬૨ | |
| બીજી આવક ... ... ... | ૧૪૫-૫૦ | |
| | | ૬૮૭-૧૨ |
| રોકડ તથા અવેજ :- | | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર ... | ૬૨-૭૮ | |
| બેંકમાં ફીક્સ્ડ ડીપોઝીટ ખાતે સ્ટેટ બેંક તથા યુ. કો. બેંક... | ૨૧૪૦૦-૦૦ | |
| ટ્રસ્ટી પાસે ... ... ... | ૨૨૫-૧૬ | |
| | | ૨૧૬૮૭-૯૪ |
| કુલ રૂા.... | | ૯૦૪૭૭-૮૭ |

અમાસના રોજનું સરવૈયું

#### ખરચ

| | | |
|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :- | | |
| મરામત અને નિભાવ ... ... ... | ૮-૩૭ | |
| વીમો ... ... ... ... | ૪૩-૫૨ | |
| | | ૫૧-૮૯ |
| વહીવટી ખર્ચ ... ... ... ... | | ૯૫-૨૯ |
| કોર્ટ ખરચ ... ... ... ... | | ૫-૦૦ |
| ફાળો અને ફી ... ... ... ... | | ૨૫-૦૦ |
| પરચુરણ ખરચ ... ... ... ... | | ૪૬-૦૭ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :- | | |
| (અ) ધાર્મિક ... ... ... | ૨૩૨૭-૩૫ | |
| | | ૨૩૨૭-૩૫ |
| વધારો સરવૈયામાં લઇ ગયા તે ... ... | | ૫૯૨-૯૪ |
| કુલ રૂા.... | | ૩૧૪૩-૫૪ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન ધર્મ પ્રસારક
### સંવત ૨૦૨૦નાં આસો વદી અમાસના રોજ

**ફંડો અને જવાબદારીઓ**

| | | |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| અન્ય ફંડો પરિશિષ્ટ મુજબ ... ... | ૮૭૭૪૩-૭૯ | |
| | | ૮૭૭૪૩-૭૯ |
| **જવાબદારીઓ :-** | | |
| અગાઉથી મળેલી રકમો પેટે ડીપોઝીટ ... | ૮૧-૦૦ | |
| અન્ય જવાબદારીઓ... ... ... | ૪૨૯-૫૮ | |
| | | ૫૧૦-૫૮ |
| કુલ રૂા... | | ૮૮૨૫૪-૩૭ |

### સં. ૨૦૨૦ ના આસો વદી

**આવક**

| | | |
|---|---|---|
| ભાડા ખાતે (લેણી/મળેલી) ... | | ૨૦૪૨-૮૬ |
| વ્યાજ ખાતે (લેણી/મળેલી) | | |
| બેન્કના શરાફી ખાતા ઉપર ... ... | ૮૩૦-૪૩ | |
| | | ૮૩૦-૪૩ |
| ગ્રાન્ટ :- | | |
| બીજી આવક ... ... ... ... | | ૯૧-૭૧ |
| ખાદ જે સરવૈયામાં લઇ ગયા તે ... ... ... | | ૨૩૫૯-૦૯ |
| કુલ રૂા... | | ૫૩૨૪-૦૯ |

### ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગરનું સં. ૨૦૧૯-૨૦ ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતાં વર્ષનો આવક-ખર્ચ ને. હિસાબ સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસેલ છે અને અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ પ્રમાણે તથા સંસ્થાએ અમારી સમક્ષ રજુ કરેલ ચોપડામાં દર્શાવ્યા મુજબ બરાબર માલુમ પડેલ છે.

ભાવનગર
તા. ૧૬-૨-૬૬

Sanghavi & Co,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

સભા—ભાવનગર

પૂરા થતાં વર્ષના આવક-ખર્ચનો હિસાબ

### મિલ્કત

| | | |
|---|---|---|
| સ્થાવર મિલ્કત (ગયા વર્ષ મુજબ) ... ... | ... | ૫૦૦૦૦-૦૦ |
| જંગમ મિલ્કત (લાયબ્રેરી પુસ્તક સ્ટોક)... ... | ૧૬૯૩૭-૩૮ | |
| સ્ટોક (પુસ્તક સ્ટોક) ... ... ... | ૯૫૦૩-૬૪ | |
| | | ૨૬૪૪૧-૦૨ |
| લ્હેણું :—ભાવનગર મ્યુ. ફ્રા.માં ડીપોઝીટ ... | ૨૫-૦૦ | |
| એડવાન્સીઝ :— | | |
| બીજાઓને ... ... ... | ૩૦૦-૦૦ | |
| વસુલ નહિ આવેલી આવક :— | | |
| ભાડું ... ... ... | ૬૬૦-૧૫ | |
| બીજી આવક ... ... ... | ૧૪૨-૫૦ | |
| | | ૧૧૨૭-૬૫ |
| રોકડ તથા અવેજ :— | | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે ... ... ... | ૧૦૬૨-૭૮ | |
| બેંકમાં ફીક્સ્ડ ડીપોઝીટ ખાતે ... ... | ૮૪૦૦-૦૦ | |
| ટ્રસ્ટી મેનેજર પાસે ... ... ... | ૫૩૨-૯૨ | |
| | | ૯૯૯૫-૭૦ |
| ઉપજ ખર્ચ ખાતું :— | | |
| ઉમેરો : ચાલુ સાલની તૂટના ઉપજ ખર્ચ ખાતા મુજબ ... | ૨૭૫૯-૦૯ | |
| બાદ ગઈ સાલના વધારાના ઉપજ ખર્ચ ખાતા મુજબ ... | ૨૦૬૯-૦૯ | ૬૯૦-૦૦ |
| કુલ રૂ... | | ૮૮૨૫૪-૩૭ |

અમાસના રોજનું સરવૈયું

### ખરચ

| | | |
|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :— | | |
| મરામત અને નિભાવ ... ... | ૫૭૪-૫૪ | |
| વીમો ... ... ... | ૪૩-૫૨ | |
| | | ૬૧૮-૦૬ |
| કોર્ટ ખરચ ... ... ... | ... | ૫૨-૦૦ |
| ફાળો અને ફી ... ... ... | ... | ૪૮-૦૫ |
| પરચુરણ ખરચ ... ... ... | ... | ૭૮-૫૨ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો ... | ... | ૨૪૧-૫૪ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :— | | |
| (અ) ધાર્મિક... ... ... ... | ૪૬૮૫-૯૨ | |
| (બ) બીજા ધર્માદા હેતુઓ ... ... | ... | |
| | | ૪૬૮૫-૯૨ |
| કુલ રૂ... | | ૫૭૨૪-૦૯ |

ટ્રસ્ટી

દીપચંદ જીવણલાલ શાહ



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## ફંડોનું પરિશિષ્ટ સંવત ૨૦૧૯

| ફંડનું નામ | બાકી દેવા સં. ૨૦૧૮ | ભેટ આવક | વ્યાજ આવક | અન્ય આવક | કુલ આવક | કુલ એકંદર | ચાલુ સાલમાં થયેલ ખર્ચ | બાકી દેવા સં. ૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| લાઇફ મેમ્બર ફી ખાતું | ૫૬૯૯૧ ૭૫ | — | — | — | — | ૫૬૯૯૧ ૭૫ | — | ૫૬૯૯૧ ૭૫ |
| જીવદયા ફંડ ખાતું | ૧૭૬૨૨-૪૭ | — | — | ૩૮૬-૮૧ | ૩૮૬-૮૧ | ૧૮૦૦૯-૨૮ | ૫૩-૦૭ | ૧૭૯૫૬-૨૧ |
| કા. શુ. ૬ ચા ટીફીન ફંડ ખાતું | ૫૦૦-૦૦ | — | ૩૦-૦૦ | ૮-૭૪ | ૩૦-૭૪ | ૫૩૦-૭૪ | ૩૦ ૭૪ | ૫૦૦ ૦૦ |
| સભાની વર્ષગાંઠનું ખાતું શ્રા. શુ. ૩ | ૪૫૬૦-૪૭ | — | ૧૭૧-૦૦ | — | ૧૭૧-૦૦ | ૪૭૩૧-૪૭ | ૨૨-૬૨ | ૪૭૦૮ ૮૫ |
| માછલાની જાળનું ખાતું ,, | ૫૪૦-૨૮ | — | — | — | — | ૫૪૦-૨૮ | — | ૫૪૦-૨૮ |
| કા. શુ. ૨ પ્રભાવના ખાતું | ૨૯૭-૬૨ | — | — | — | — | ૨૯૭-૬૨ | — | ૨૯૭ ૬૨ |
| કુંવરજી આ. સ્વ. તિથિ ફંડ | ૪૦૦-૦૦ | ૧૩-૮૭ | ૧૮-૦૦ | — | ૩૧-૮૭ | ૪૩૧-૮૭ | ૩૧-૮૭ | ૪૦૦-૦૦ |
| અઠ્ઠમાતી તપસ્યા ફંડ ખાતું | ૨૩૪-૩૯ | — | — | — | — | ૨૩૪-૩૯ | — | ૨૩૪-૩૯ |
| શ્રાવક-શ્રાવીકા ફંડ ખાતું | ૫૧૭-૮૯ | — | — | — | — | ૫૧૭-૮૯ | ૭૦ ૭૫ | ૪૪૭-૧૪ |
| પારેવાની જુવાર ખાતું | ૫૩૭-૫૨ | — | — | — | — | ૫૩૭-૫૨ | ૧૦-૨૫ | ૫૨૭-૨૭ |
| મેંઘીબેન લગ્ન સ્મારક ફંડ | ૧૦૨૬-૩૪ | — | — | — | — | ૧૦૨૬-૩૪ | ૨૫૦-૦૦ | ૭૭૬-૩૪ |
| ભેટ ખાતું | ૨૯૦-૫૦ | ૧૫૬૦-૩૭ | — | — | ૧૫૬૦-૩૭ | ૧૮૫૦-૮૭ | ૧૫૭૪-૮૦ | ૨૭૬-૦૭ |
| શ્રી ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા પુસ્તક ફંડ ખાતે | ૧૦૦૦ ૦૦ | — | — | — | — | ૧૦૦૦-૦૦ | — | ૧૦૦૦-૦૦ |
| શ્રી ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા પુસ્તક ફંડના વ્યાજ ફંડ ખાત | ૨૬૧૬-૯૦ | — | ૧૩૫-૬૪ | — | ૧૩૫-૬૪ | ૨૭૫૨-૬૧ | — | ૨૭૫૨-૬૧ |
| કુલ રૂપિયા | ૮૭૧૩૬-૨૦ | ૧૫૭૪-૨૪ | ૩૫૪-૬૪ | ૩૮૭-૫૫ | ૨૩૧૬-૪૩ | ૮૯૪૫૨-૬૩ | ૨,૦૪૪,૧૦ | ૮૭૪૦૮-૫૩ |

ભાવનગર
તા. ૨૫-૧૧-૧૯૬૪

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

For Private And Personal Use Only

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## ફંડોનું પરિશિષ્ટ સંવત ૨૦૨૦

| ફંડનું નામ | બાકી દેવા | ભેટ આવક | અન્ય આવક | કુલ આવક | ટ્રાન્સફરથી આવક | એકંદર કુલ | ખર્ચ | ટ્રાન્સફરથી ખર્ચ | બાકી દેવા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લાઇફ મેમ્બર ફી ખાતું | ૫૬૯૬૧-૭૧ | ૧૦૧-૦૦ | ... | ૧૦૧-૦૦ | ... | ૫૭૦૬૨-૭૫ | ... | ... | ૫૭૦૬૨-૭૫ |
| જીવદયા ફંડ ખાતું | ૧૩૨૫[illegible]-[illegible] | ... | ૪૧૯-૦૪ | ૪૧૯-૦૪ | ૯૮૨-૫૦ | ૧૯૩૫૭-૭૫ | ૧૧૬-૪૪ | ૧૨૧૩૯-૩૧ | ૭૧૦૦-૦૦ |
| કા. શુ. ૩ ના [illegible] ખાતું | ૫૦૦-૦૦ | ... | | ... | ૩૩-૯૯ | ૫૩૩-૯૯ | ૩૩-૯૯ | ... | ૫૦૦-૦૦ |
| સભાની વર્ષગાંઠનું ખાતું [illegible] | ૪૭૦૮-૮૫ | ... | ... | ... | ૧૮૯-૫૪ | ૪૮૯૮-૩૯ | ૪૧-૬૮ | ... | ૪૮૫૬-૭૧ |
| માછલાની જાળનું ખાતું ,, | ૫૪૦-૨૮ | ... | ... | ... | ... | ૫૪૦-૨૮ | ... | ૫૪૦-૨૮ | ... |
| કા શુ. ૨ પ્રભાવના ખાતું | ૨૯૭-૬૨ | ... | ... | ... | ... | ૨૯૭-૬૨ | ... | ... | ૨૯૭-૬૨ |
| કુંવરજી આ. સ્વ. તિથિ ફંડ | ૪૦૦-૦૦ | ... | ... | ... | ૩૬-૦૦ | ૪૩૬-૦૦ | ૩૬-૦૦ | ... | ૪૦૦-૦૦ |
| અઠ્ઠમાતી તપસ્યા ફંડ ખાતું | ૨૩૪-૩૯ | ... | ... | ... | ... | ૨૩૪-૩૯ | ... | ... | ૨૩૪-૩૯ |
| શ્રાવક—શ્રાવિકા ફંડ ખાતું | ૪૪૭-૧૪ | ... | ... | ... | ... | ૪૪૭-૧૪ | ૧૪૮-૦૦ | ... | ૨૯૯-૧૪ |
| પારેવાની જુવાર ફંડ ખાતું | ૫૨૭-૨૭ | ... | ... | ... | ... | ૫૨૭-૨૭ | ૮૫-૦૫ | ૪૪૨-૨૨ | ... |
| મોંઘીબેન લગ્ન સમારંભ ફંડ | ૭૭૬-૩૪ | ... | ... | ... | ... | ૭૭૬-૩૪ | ... | ... | ૭૭૬-૩૪ |
| શ્રી ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા પુસ્તક ફંડ ખાતે | ૧૦૦૦-૦૦ | ... | ... | ... | ... | ૧૦૦૦-૦૦ | ... | ... | ૧૦૦૦-૦૦ |
| ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા પુસ્તક ફંડનું વ્યાજ ફંડ | ૨૭૫૨-૬૧ | ... | ... | ... | ... | ૨૭૫૨-૬૧ | ... | ... | ૨૭૫૨-૬૧ |
| ભેટ ફંડ ખાતું | ૨૭૬-૦૭ | ૬૦-૫૦ | ... | ૬૦-૫૦ | ... | ૩૩૬-૫૭ | ૪૧-૬૫ | ... | ૨૯૪-૯૨ |
| જીવદયા ફંડના વ્યાજ ફંડ ખાતું | ... | ... | ... | ... | ૧૨૧૩૯-૩૧ | ૧૨૧૩૯-૩૧ | ... | ... | ૧૨૧૩૯-૩૧ |
| કુલ રૂપિયા | ૮૭૪૦૮-૫૩ | ૧૬૧-૫૦ | ૪૧૯-૦૪ | ૫૮૦-૫૪ | ૧૩૩૮૧-૩૪ | ૧,૦૧,૩૬૮-૪૧ | ૫૦૨-૮૧ | ૧૩૧૨૧-૮૧ | ૮૭૭૪૩-૭૯ |

ભાવનગર
તા. ૧૬-૨-૧૯૬૬

દીપચંદ જીવણલાલ શાહ
ટ્રસ્ટી

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50


શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાયેલ

**પર્યુષણ પર્વમાં વાંચવા લાયક ગ્રંથો**

| | | | |
|---|---|---|---|
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાગ ૧ | ૫-૦૦ | અંતરાય કર્મની પૂજા | ૦-૬૦ |
| ,, ,, ,, ૩ | ૫-૦૦ | બાલેન્દુ કાવ્ય કૌમુદી | ૨-૦૦ |
| ,, ,, ,, ૪ | ૫-૦૦ | તાત્વિક લેખ સંગ્રહ | ૨-૦૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ | ૩-૫૦ | શાંત સુધારસ ભાગ ૧ | ૩-૫૦ |
| ,, ,, ,, ૨ | ૫-૦૦ | ,, ,, ૨ | ૩-૫૦ |
| ,, ,, ,, ૩ | ૩-૦૦ | વિધિ સહિત પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૨-૭૫ |
| ત્રિશષ્ટી પર્વ ૧-૨ | ૬-૦૦ | શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર | ૭-૫૦ |
| ,, ૭મું | ૪-૦૦ | વીસ સ્થાનક તપ વિધિ | ૨-૫૦ |
| ચોસઠ પ્રકારી પૂજા | ૩-૦૦ | જયાનંદ કેવલી ચરિત્ર | ૧૦-૦૦ |
| નવપદજીની પૂજા | ૦-૫૦ | અધ્યાત્મ કલ્પદ્રુમ | ૬-૫૦ |
| નવાણું પ્રકારી પૂજા | ૦-૫૦ | લલિત વિસ્તરા | ૯-૦૦ |
| બાર વ્રતની પૂજા | ૦-૫૦ | ઉતરાધ્યયન સૂત્ર ભાવવિજયજી | |
| પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા | ૦-૬૦ | પ્રતાકારે | ૧૦-૦૦ |

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

**અક્ષયનિધિ તપ વિધિ**

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદ; આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પણ આપવામાં આવેલ છે.

મૂલ્ય માત્ર ૨૫ પૈસા

વિશેષ નકલો મંગાવનારે પત્ર વ્યવહાર કરવો. લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only